**ઓકટોબર ૨૩, ૨૦૦૬**

માનનીય વડા પ્રધાનશ્રી,

રાષ્ટ્રીય જ્ઞાન આયોગ પ્રવેશ, ગુણવત્તા અને બીજા મુદ્દાઓ સહિત શાળા શિક્ષણને લગતા અનેક મુદ્દાઓ તપાસી રહ્યું છે. અમે માનીએ છીએ કે ગુણવત્તાવાળા શાળા શિક્ષણની સાર્વત્રિક સુલભતા વિકાસના પાયાનો પથ્થર છે અને ભારતને જ્ઞાન સમાજ (નોલેજ સોસાયટી) બનાવવા માટેની કોઇપણ પ્રગતિ માટે લઘુતમ જરૂરી શરત છે. અમે વ્યાપક પરામર્શ કરી રહ્યા છીએ અને પછીથી શાળેય શિક્ષણને લગતા જુદા જુદા મુદ્દાઓ અંગે વિગતવાર ભલામણો કરીશું.

આમછતાં અત્યારે આ બિલ અંગે કાયદો ઘડવા માટે રાજ્ય સરકારો માટેનાં પ્રોત્સાહનો સાથે રાજ્યના શિક્ષણ વિભાગના સચિવોને. શિક્ષણના અધિકાર માટેનું આદર્શ વિધેયક મોકલવાની કેન્દ્ર સરકારની તાજેતરની પહેલનો ખાસ પ્રતિભાવ આપીએ છીએ. અમે વિધેયકને જોઇ ગયા છીએ અને સંખ્યાબંધ નિષ્ણાતો અને શિક્ષણ શાસ્ત્રીઓની સાથે પરામર્શ કર્યો છે. અમને લાગે છે કે આ આદર્શ વિધેયક ઘણી બધી

ખામીઓ ધરાવે છે અને ખાસ અગત્યની બાબત તો એ છે કે આવો કાયદો બંધારણીય સુધારા કલમ ૨૧ -ક માં કરેલી પ્રતિબદ્ધતા પછી કેન્દ્ર સરકાર દ્વારા અમલી બનાવવો જોઇએ. અમે સ્વીકારીએ છીએ કે સમવાયતંત્ર અંગે અમને ચિંતા છે કારણ કે શાળેય શિક્ષણ હાલમાં રાજ્ય સરકારની મુખ્ય જવાબદારી છે.

આમછતાં અમને લાગે છે કે આ બાબત યોગ્ય કેન્દ્રીય કાયદો કરીને હલ કરી શકાશે, જે નીચેની દરખાસ્તોને ધ્યાનમાં લેશો :

**૧. કેન્દ્રીય કાયદો :**

રાષ્ટ્રીય કક્ષાએ કાયદો શિક્ષણ મેળવવાના અધિકારનું સમર્થન કરે છે, જે કલમ ૨૧-ક થી આદેશ અપાયેલ મૂળભૂત અધિકાર છે. નાગરિક કયા રાજ્યનો રહીશ છે તેની ઉપર આધાર રાખી શકાતો નહિ હોવાથી, રાજ્ય સરકાર દ્વારા વ્યક્તિગતરીતે કાયદો ઘડવા માટે એક આદર્શ વિધેયક મોકલ્યું છે તે ભારત સરકારની બંધારણીય જવાબદારીઓ પૂરી કરવા માટે પર્યાપ્ત નથી. તેથી પંચાયત રાજ (સુધારા) અધિનિયમના ધોરણે કેન્દ્રીય અધિનિયમ ઘડવો જોઇએ. જે

નિર્દિષ્ટ સમય મર્યાદામાં અને કેન્દ્ર સરકારની પ્રાથમિક નાણાકીય જવાબદારી સાથે શિક્ષણ માટેના અધિકાર વિષયક વિધેયક ઘડવાનું રાજ્યને માટે આવશ્યક બનાવે છે.

**૨. નાણાકીય પ્રતિબદ્ધતા :**

શિક્ષણના અધિકારને સુનિશ્ચિત કરવા માટે જરૂરી વધારાનાં નાણાના મોટા ભાગની કેન્દ્ર સરકારે જોગવાઇ કરવી જોઇએ. તેથી કેન્દ્રીય કાયદામાં નાણાકીય જોગવાઇ હોવી જોઇએ, જે રાજય સરકારોને પ્રારંભિક શિક્ષા કોશની આવકમાં કેન્દ્ર સરકારને હિસ્સો આપવાનું જરૂરી બનાવે અને બધાં બાળકો માટે શિક્ષણના અધિકારને સુનિશ્ચિત કરવાની જરૂરિયાતને પહોંચી વળવા માટે જરૂરી વધારાનાં સાધનોની જોગવાઇ કરે. ઉપયોગમાં લીધેલ ધોરણ ઉપર આધાર રાખીને, તાજેતરમાં સાર્વત્રિક પ્રારંભિક શિક્ષણના ઉદ્દેશને સિદ્ધ કરવા માટે જરૂરી વધારાનાં સાધનો માટેનો અંદાજ જીડીપીના ૦.૮ ટકાથી ૨.૫ ટકા સુધીનો છે. આમ છતાં જોઇતાં નાણાકીય સાધનો આ અંદાજમાં ઓછાં થવાનો સંભવ છે કારણ કે કેટલાંક રાજયોમાં સાર્વત્રિક

જોગવાઇની નજીક છે અને બીજાં રાજ્યમાં સર્વ શિક્ષા અભિયાન દ્વારા વધુ પ્રવેશ આપવામાં તાજેતરમાં પ્રગતિ થઇ છે.

**૩. સમય સીમા :**

રાજ્યકક્ષાના કાયદામાં વાજબી ગુણવત્તાનું સાર્વત્રિક શિક્ષણ જે સમય મર્યાદામાં ખાસ કરીને ત્રણ વર્ષમાં સિદ્ધ કરવાનું હોય તે સમય દર્શાવવો જોઇએ. આદર્શ વિધેયક  જોગવાઇઓ અપનાવવા અને અમલ કરવા માટેની કોઇ સમય સીમા જણાવતું નથી.

**૪. કાર્યધોરણો અને ધોરણોની સૂચિ :**

શિક્ષણની લધુતમ ગુણવત્તા જાળવી રાખવા માટે બધી શાળાઓએ અનુસરવાના કાર્યધોરણોની સૂચિ હોવી અગત્યની છે. આદર્શ વિધેયક આવી કાર્યધોરણોની સૂચિ ધરાવતું નથી અને શાળાએ આપવાના શિક્ષણની લધુત્તમ ગુણવત્તાની તેમાં કોઇ જ સ્પષ્ટતા નથી. તેમાં ગુણવત્તાના માપદંડો જણાવ્યા સિવાય "ન્યાયી ગુણવત્તા'" નો ઉલ્લેખ છે. ગુણવત્તા એ સંકુલ વિષય હોઇ, માળખા, શાળા અને

વિદ્યાર્થીદીઠ શિક્ષકોની સંખ્યા, શિખવવાની પદ્ધતિઓ અને બીજી સુવિધાઓ વગેરે અંગેનાં અમુક ધોરણોનું જરૂરી શરતો તરીકે અવશ્ય પાલન થવું જોઇએ.

**૫. શિક્ષકો માટેની વિગતો :**

શિક્ષણની ગુણવત્તા સુનિશ્ચિત કરવામાં શિક્ષકો મહત્ત્વના હોઇ શિક્ષકોની લઘુત્તમ લાયકાત માટે સુસ્પષ્ટપણે પણ પરિવર્તનક્ષમ ધોરણો નક્કી કરવાનું ખાસ અગત્યનું છે. આદર્શ વિધેયકમાં હોદ્દા માટે શિક્ષકનું સ્પષ્ટીકરણ કે લાયકાત અને નોકરી અંતર્ગત તાલીમનો કોઇ જ ઉલ્લેખ નથી. શિક્ષકની વ્યાખ્યા વર્ગખંડમાં શીખવનાર વ્યક્તિ તરીકે કરવામાં આવી છે. આમ છતાં અહીં પણ શિક્ષકની લાયકાત અને તાલીમનાં ધોરણો જણાવવાની જરૂર છે.

**૬. પગલાં લેવાં :**

શિક્ષણ માટેના અધિકાર સહિત કોઇપણ હક માટે કોર્ટમાં જઇ શકાય તેવો હક હોય તો જ તે સાર્થક છે. આમછતાં રાજ્ય સરકારોને

મોકલેલ આદર્શ વિધેયકમાં આ અંગેની જવાબદારી બાળકના માતા-પિતા/ વાલી ઉપર નાખવામાં આવી છે. જુદી જુદી કક્ષાએ સરકારની જવાબદારી સ્વીકારીને તેનો અમલ કરાવવો જોઇએ. રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી અધિનિયમનો દાખલો આ અંગે ઉપયોગમાં લઇ શકાય.

**૭. નિવારણ વ્યવસ્થા :**

કાયદાકીય પગલાં લેવાનું સુનિશ્ચિત કરવા માટે નિવારણ વ્યવસ્થા દર્શાવવી જોઇએ અને હકને માન્ય રાખવામાં ન આવે તો વિદ્યાર્થીઓ કે વાલીઓએ યોગ્ય કાર્યવાહી કરવી જોઇએ.

**૮. સાર્વત્રિક શિક્ષણ :**

બધાને સાળેય શિક્ષણ અચૂક આપવું જોઇએ, જેમાં એ પણ જરૂરી છે કે વંચિત, ભૂમિહીન અને લધુમતી કોમોનાં બાળકોને અશકત બાળકો કે ખાસ જરૂરિયાત ધરાવતાં બાળકો સાથે સામેલ કરવાં જોઇએ. આ

માટે એ જરૂરી છે કે જુદી જુદી સામાજિક, આર્થિક અને સાંસ્કૃતિક પાર્શ્વભૂમિમાંથી આવતાં બાળકો માટે સરકારી પ્રથામાં રહીને અપાતા શિક્ષણમાં કોઇ ભેદભાવ રાખવો જોઇએ નહિ. આદર્શ વિધેયકમાં વંચિત કોમો અને પાર્શ્વભૂમિમાંથી આવતાં બાળકો માટે શિક્ષણ પ્રથાના સ્તરો બનાવી શકે તેવી સમાંતર અને વિવેકપૂર્ણ શિક્ષણ પ્રથા ઉભી કરવાની ક્ષમતા છે કારણ કે નિયમિત શિક્ષણની જોગવાઇ કરવા આદેશ કરવા કરતાં આવી બાબતોમાં શાળેય શિક્ષણની જોગવાઇ જ જરૂરી બનાવે છે.

દેખીતી રીતે આ બધા પ્રસંગોમાં શાળાની પ્રથા વિદ્યાર્થીઓની ખાસ જરૂરિયાતોને સંતોષે તેવી છૂટ ધરાવતી હોવી જોઇએ.

ઉપર જણાવેલ મુદ્દાઓ અંગે વિગતવાર સ્પષ્ટીકરણ આપતાં અમને ખુશી થશે. રાષ્ટ્રીય જ્ઞાન આયોગનો લાભાર્થીઓ સાથે પરામર્શ ચાલુ છે અને શાળેય શિક્ષણ અંગેના બીજા મુદ્દાઓ તપાસવાનું ચાલુ છે. બોર્ડમાં વધુ સારું શિક્ષણ  સુનિશ્ચિત કરી શકાય તે માટેના ખાસ પ્રશ્નો ઉપર અમે ધ્યાન આપી રહ્યા છીએ. જેમાં શિક્ષણની સુધારેલી

ગુણવત્તામાં વધારો કરવા માટે સ્થાનિક સમૂહો દ્વારા સંસ્થાકીય માળખું અને નિયંત્રણના સ્વરૂપો, સમાન શિક્ષણ અને નજીકની શાળાને લગતા પ્રશ્નો, ખાસ કરીને વિશિષ્ટ વિસ્તારોમાં શાળાના શિક્ષકોની પૂરતી સંખ્યા અને ગુણવત્તા સુનિશ્ચિત કરવી વગેરેનો સમાવેશ થાય છે. અમે નજીકના ભવિષ્યમાં શાળેય શિક્ષણ અંગે સંખ્યાબંધ ભલામણો રજૂ કરીશું.

આભાર અને સસ્નેહ અંગત આદર સાથે.

**સામ પિત્રોડા**

**ચેરમેન**

**રાષ્ટ્રીય જ્ઞાન આયોગ**

cc શ્રી અર્જુનસિંહ, મંત્રીશ્રી,

માનવ સંસાધન વિકાસ મંત્રાલય

શ્રી મોન્ટેક સિંહ આહલુવાલીઆ,

ડેપ્યુટી ચેરમેન, આયોજન કમિશન.